| | | |
|---|---|---|
| કેસ આવ્યા તા: | : | ૨૦–૦૬–૨૦૧૭ |
| કેસ દાખલ તા: | : | ૨૦–૦૬–૨૦૧૭ |
| કેસ નિકાલ તા: | : | ૨૫–૧૦–૨૦૨૧ |
| અવધિ : | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૪ –૦૪ –૦૫ |

**નવસારીના મે. બીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.નવસારી,**

**સેશન્સ કેસ નં. ૧૮/૨૦૧૭**

**આંક:**

ફરીયાદી:– **નામદાર સરકાર**

**વિ રુ ધ્ધ**

આરોપી :– **દેવેનભાઈ કાનજીભાઈ ટંડેલ**
ઉ.આ.વ.–૩૪, ધંધો– માછીમાર
રહે–ધોલાઈ, ગોત્રેજ ફળીયા
તા. ગણદેવી, જી.નવસારી.

**ગુન્હો :–** ઈ.પી.કો. કલમ–૩૭૬, ૪૦૬ અન્વયે...

---

ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી. શ્રી બી. ડી. રાઠોડ
આરોપી તરફે વિ.વકીલ શ્રી એન. એમ. પટેલ.

---

**–:: ઠ રા વ ::–**

૧. આરોપી વિરુધ્ધ ધોલાઈ મરીન પો. સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૦૪/૨૦૧૬ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૪૦૬ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ, જે ગુનાના કામે તપાસના અંતે તપાસ કરનાર

અધિકારીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ (૨) અન્વયે આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૪૦૬ મુજબના ગુના અંગે ચાર્જશીટ ગણદેવીનાં વિધ્વાન એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં રજૂ કર્યું હતું  અને સદરહુ કેસ સેશન્સ ટ્રાયબલ હોવાથી નીચેની અદાલતે ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૯ હેઠળ આ કેસ કમિટ કરી અત્રેની સેશન્સ કોર્ટને ઈન્સાફી કાર્યવાહી માટે મોકલી આપેલ.

૨. ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, –

ફરીયાદી/ભોગબનનારની ફરીયાદ મુજબ આ કામના આરોપીએ સને–૨૦૦૩ થી તા. ૨૧/૦૭/૨૦૧૬ પહેલા અવર નવર લગ્નની લાલચ આપી ધોલાઈ ગામે ગોતરેજ ફળીયામાં ફરીયાદી/ભોગબનનારના મામા દુર્લભભાઈ લલ્લુભાઈ ટંડેલના જુના મકાનના પાછળના વાડામાં ફરીયાદીની મરજી વિરુધ્ધ અવર નવર સંભોગ કરી ફરીયાદી/ભોગબનનારને લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી વિશ્વાસમાં લઈ લગ્ન કરવાની ના  પાડેલ જે બનાવ બાબતે ફરિયાદીનો ધોલાઈ મરીન પો. સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૦૪/૨૦૧૬  થી ગુનો રજીસ્ટરે લઈ, તપાસ કરનાર અમલદારે તપાસનાં અંતે આરોપીને અટક કરી, આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૪૦૬ મુજબનાં ગુનાં અન્વયે ચાર્જશીટ રજુ કરેલ  હતુ.

૩. આ કેસના આરોપી સામે મારા પુરોગામી ન્યાયધિશશ્રી ધ્વારા આંક–૦૭ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને ત્યારબાદ આંક–૦૮ થી પ્લી લેતાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૪. આ કામે ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે  મુજબનો

મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે:–

**–:મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદી/ભોગબનનારની જુબાની |
| ૨ | ૧૮ | સાહેદ લક્ષ્મીબેન જયંતિભાઈ ટંડેલની જુબાની |
| ૩ | ૨૦ | સાહેદ ડો.જીતેન્દ્ર નાથુભાઈ પટેલની જુબાની |
| ૪ | ૨૪ | સાહેદ ડો. પિંકલ ચીમનભાઈ પટેલની જુબાની |
| ૫ | ૩૨ | સાહેદ ડો. મેહુલભાઈ ગિરીશકુમાર બરૂવાલાની જુબાની |
| ૬ | ૩૪ | સાહેદ ડો. નેહાબેન ડાહ્યાભાઈ પટેલની જુબાની |
| ૭ | ૩૯ | સાહેદ ધર્મેશ પરસોત્તમભાઈ ટંડેલની જુબાની |
| ૮ | ૪૬ | સાહેદ મહેબુબમીયા ઉશ્માનમીયા મલેકની જુબાની |
| ૯ | ૫૪ | સાહેદ ત.ક.અ.અંકીત પ્રવિણકુમાર સોમૈયાની જુબાની |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | ફરીયાદ |
| ૨ | ૧૫ | બાંહેધરી લેખ |
| ૩ | ૨૧ | આરોપીનું મેડીકલ એકઝામિનેશન રીપોર્ટનું સર્ટી |
| ૪ | ૨૨ | પોલીસ યાદી |
| ૫ | ૨૩ | નમુના એફ.એસ.એલ. માં મોકલવા માટે લખેલ ફોરવર્ડીંગ લેટર |
| ૬ | ૨૫ | પોલીસ યાદી |
| ૭ | ૨૬ | ભોગબનનારના ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| ૮ | ૨૭ | ભોગબનનારની શારીરિક તપાસણી કર્યા અંગેનો રીપોર્ટ |
| ૯ | ૨૮ | ભોગબનનારને વધુ તપાસણીમાટે રીફર કરેલ પત્રની સ્થળપ્રત |
| ૧૦ | ૨૯ | ભોગબનનારના નમુના એફ.એસ.એલ. સુરતને મોકલી આપેલ તે ફોરવર્ડીંગ લેટર |
| ૧૧ | ૩૩ | ફરીયાદી/ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૨ | ૩૫ | ભોગબનનારના મેડીકલ કેસ પેપર્સ |

| | | |
|---|---|---|
| ૧૩ | ૩૬ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૪ | ૩૭ | આરોપીના શરીર સ્થિતિનું પંચનામું |
| ૧૫ | ૪૦ | આરોપીની શારીરિક તપાસ કરી લીધેલ નમુનાઓનું પંચનામું. |
| ૧૬ | ૪૫ | ભોગબનનારની શારીરિક તપાસ કરી લીધેલ નમુનાઓનું પંચનામું. |
| ૧૭ | ૪૭ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ |
| ૧૮ | ૪૮ | આગળની તપાસ પી.આઈ.શ્રી એ.પી. સોમૈયાને સુપ્રત કરેલ તે અંગેની યાદી. |
| ૧૯ | ૫૧ | મુદ્દામાલ એફ.એસ.એલ. સુરતને મળી ગયા અંગેની પહોંચ |
| ૨૦ | ૫૨ | રવાનગની નોંધ અને સત્તાઅંગેનું પ્રમાણપત્ર |
| ૨૧ | ૫૫ | એફ.એસ.એલ. સુરતનાઓએ પી.આઈ.શ્રી ઘોલાઈ મરીન પોલીસ સ્ટેશનનાઓને લખેલ પત્ર તથા બાયોલોજીકલ પરીક્ષણનો અહેવાલ |
| ૨૨ | ૫૬ | સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ |

આ સિવાય બીજા કોઈ પણ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષ તરફે આંક: ૫૭ થી સાહેદો ડ્રોપ કર્યાનું પુરસીસ તથા આંક: ૫૮ થી પુરાવા બંધનું પુરસીસ રજૂ કરવામાં આવેલ છે.

**૫.** આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. વિશેષમાં તેઓ જણાવે છે કે, તેમણે કોઈ ગુન્હો કરેલ નથી કે ઈચ્છા વિરુધ્ધ કોઈ શારીરિક સબંધ રાખેલ નથી કે લગ્નની વાત પણ કોઈપણ સમયે કરેલ નથી. આરોપી નિર્દોષ અને ગરીબ ઈસમ છે તેમને ખોટા ગુનામાં સંડોવી દીધેલ છે.

**૬.** ત્યારબાદ ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી બી. ડી. રાઠોડની મૌખિક દલીલ તથા આરોપી તરફે વિ.વ.શ્રી એન. એમ. પટેલનાઓની દલીલ સ્વરૂપની રજૂઆત ધ્યાને લીધેલ છે.

**(૬–એ)** સદર કામે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૪૦૬ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. ફરીયાદની ટુંકમાં હકીકત જોવામાં આવે તો આરોપીએ ફરીયાદીની મરજી વિરુધ્ધ લગ્ન કરવાની લાલચ આપીને શરીર સબંધ બાંધેલ છે અને લગ્ન કરવાની ના પાડતા ભોગબનનારે આંક–૧૪ વાળી ફરીયાદ આપેલ છે. બનાવ બન્યો ત્યારે તેઓ ધોલાઈ રહેતા હતા. સને–૨૦૦૩ માં આરોપી ભોગબનનારના ઘરે આવતો હતો અને પ્રેમ સબંધ થતા તેઓ ટેલીફોન ધ્વારા વાતચીત કરી સંપર્કમાં રહેતા હતા. ફરીયાદી/ભોગબનનારને લગ્નનું વચન આપેલ છે અને બાંહેધરી આરોપીએ લેખિતમાં આપેલ છે જે બાંહેધરીનું લખાણ આ કામે આંક–૧૫ થી રજુ કરેલ છે. આ કામે રજુ બાંહેધરીનું લખાણ વંચાણે લેતા આરોપીએ પરદેશથી પાછા આવી લગ્ન કરશે તેવું લખાણ આપેલ છે. સને–૨૦૧૦ પહેલા અવાર નવાર લગ્નની લાલચ આપી ભોગબનનાર સાથે સબંધ બાંધેલ છે. આરોપીએ લગ્નની ના પાડતા ભોગબનનારે ફરીયાદ આપેલ છે. આ કામે ભોગબનનારને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે તેમની જુબાની ધ્વારા તેમણે ફરીયાદને સમર્થન આપેલ છે. આ કામે આંક–૧૮ થી સાહેદ લક્ષ્મીબેનને તપાસવામાં આવેલ છે જેઓ ભોગબનનારની માતા થાય છે તેમણે પણ પોતાની જુબાની ધ્વારા ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે. આ કામે રજુ મેડીકલ પુરાવા ધ્વારા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળેલ છે. આમ, ફરીયાદ પક્ષે પોતાનો કેસ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીને સખત નશીહત મળી રહે તે માટે મહત્તમ સજા થાય તેવી ભારપુર્વક રજુઆત કરેલ છે. તેમણે પોતાની દલીલના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટના અનુરાગ સોની વિ. સ્ટેટ ઓફ છત્તીસગઢના ચુકાદો રજુ કરી તે ચુકાદા પર આધાર

રાખેલ છે.

**(૬–બી)** બચાવ પક્ષ તરફે આરોપીના વિ. વ.શ્રી એન. એમ. પટેલ ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદી/ભોગબનનાર જે જણાવે છે તે પ્રમાણે તેણી સને–૨૦૦૩ થી આરોપી સાથે સબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે. આ કામે ફરીયાદ ૧૧–વર્ષ મોડી આપવામાં આવેલ છે. આ ૧૧–વર્ષ દરમ્યાન બીજી કોઈ ફરીયાદ આપેલ નથી. આ કામે ફરીયાદી/ભોગબનનારને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે તેની સરતપાસ જોવામાં આવે તો બંને વચ્ચે પ્રેમ સબંધ હતો તેમ જણાવેલ છે જયારે તેણીની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો સને–૨૦૦૩ માં ભોગબનનારની ઉંમર–૨૨ વર્ષની હતી અને ધોરણ–૧૦ સુધી ભણેલ હતી. આ કામે ભોગબનનારે કોઈ બૂમાબૂમ કરેલ નથી કે બચવાનો પ્રયત્ન કરેલ નથી કે કોઈ ફરીયાદ પણ કરેલ નથી. વધુમાં આ સાહેદે બનાવ અંગેની વાત કોઈ પણ વ્યકિતને કરેલ નથી. ભોગબનનારની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તેણીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૧૫ વાળુ લખાણ જયારે તૈયાર કરવામાં આવેલ ત્યારે આરોપી પોલીસ કસ્ટડીમાં હતા, આરોપી પોતે સ્ટેમ્પ પણ લાવેલ નથી. આ કામે સાક્ષીઓ તથા સ્ટેમ્પ લાવનારને તપાસેલા ન હોય આંક–૧૫ વાળુ લખાણ પુરવાર થતું નથી. ભોગબનનારની ઉલટતપાસ ના પેરા–૧૬ ધ્યાને લેવામાં આવે તો આરોપીએ ના પાડી હોય તેવું બનેલ નથી. તેમજ પેરા–૧૭ માં ભોગબનનાર જણાવે છે કે, તેણીના પ્રેમ સબંધની જાણ બધાને હતી અને ઈચ્છાથી આરોપીને મળતી હતી. આ કામે હિત ધરાવનાર સાહેદને જ તપાસેલા નથી. આ કામે આંક–૧૮ થી ભોગબનનારની માતાને તપાસવામાં આવેલ છે તેમની સરતપાસમાં તેઓ જણાવે છે કે, પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. તેમજ સદર સાહેદ પોતાની

ઉલટતપાસ માં એવી હકીકત જણાવેલ છે કે, તેણીએ જે સરતપાસમાં વિગત જણાવેલ છે તે પ્રથમ વખત કોર્ટમાં જણાવેલ છે. આમ, સદર સાહેદની જુબાની માની શકાય તેમ નથી. આ કામે આંક–૨૦ થી ડો. જીતેન્દ્ર પટેલને તપાસવામાં આવેલ છે સદર સાહેદ સમક્ષ આરોપીએ જે હિસ્ટ્રી આપેલ છે તે જોતા ફરીયાદી/ભોગબનનાર જે જણાવે છે તે પ્રકારનો કોઈ બનાવ બનેલ નથી. આ કામે આંક–૨૪ થી ડો.પિંકલ પટેલને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે ભોગબનનારને તપાસેલ છે તેમની સરતપાસ ઘ્યાને લેવામાં આવે તો ભોગબનનારને કોઈ ઈજા ન હતી તેમ જણાવેલ છે. સદર સાહેદે કોઈ અભિપ્રાય આપેલ નથી. આ કામે આંક–૩૨ થી ડો. મેહુલ બરૂવાલાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સમક્ષ ભોગબનનારે હિસ્ટ્રીમાં જણાવેલ છે કે, નિયમિત શારીરિક સબંધ ચાલી આવેલ. મરજી વિરૂઘ્ધના સબંધનો ઉલ્લેખ નથી. સદર સાહેદે પણ કોઈ અભિપ્રાય આપેલ નથી. આ કામે આંક–૩૪ થી ડો. નેહાબેનને તપાસવામાં આવેલ છે સદર સાહેદે ભોગબનનારને તપાસેલ છે અને તેમના અભિપ્રાય મુજબ ભોગબનનાર વારંવાર સંભોગ કરવા ટેવાયેલ હતી તેમ જણાવેલ છે. આ કામે આંક–૩૯ થી પંચ ધર્મેશભાઈને તપાસવામાં આવેલ છે પરંતુ તેમની જુબાનીથી આંક–૪૦ નું પંચનામું પુરવાર થતું નથી. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ કરેલ તમામ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ડોકટર સાહેદે શારીરિક હિંસાનો અભિપ્રાય આપેલ નથી. આંક–૧૫ ઘ્યાને લેતા ભોગબનનાર સાથે મરજી વિરુઘ્ધ કોઈ કૃત્ય કરેલ હોય કે લગ્નની ના પાડી હોય તેવું નથી. ફરીયાદી/ભોગબનનારની ઉલટતપાસ ઘ્યાને લેવામાં આવે તો આવેશમાં આવીને ફરીયાદ આપેલ હોવાનું જણાવેલ છે. હિસ્ટ્રીમાં મરજી વગરનો ઉલ્લેખ નથી. મરજી વિરુઘ્ધના સબંધ હતા તે માની શકાય નહી.

આ કામે એફ.એસ.એલ. અધિકારીને તપાસેલા નથી. કન્ટેન્સ પુરવાર કરવા પડે. આમ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવવા જોઈએ તેવી ભારપુર્વક રજુઆત કરેલ છે. આરોપીના વિ.વ.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લીધેલા છે.

(૧) નામદાર સુપ્રિમ કોર્ટ, ક્રિમીનલ અપીલ નં. ૨૩૩/૨૦૨૧.

(૨) નામદાર સુપ્રિમ કોર્ટ, ક્રિમીનલ અપીલ નં. ૬૩૫/૨૦૨૦.

(૩) નામદાર સુપ્રિમ કોર્ટ, ક્રિમીનલ અપીલ નં.૧૪૩૩/૨૦૧૮.

(૪) નામદાર દિલ્હી હાઈકોર્ટ, સી.આર.એલ.એ.૬૧૩/૨૦૨૦ અને સી.આર.એલ.એમ.એ. ૧૬૯૬૮/૨૦૨૦.

(૫) નામદાર કલકત્તા હાઈકોર્ટ, સી.આર.એ. નં. ૩૮૪/૨૦૦૮

**૭.** આ કેસના મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ સને-૨૦૦૩ થી તા.૨૧/૦૭/૨૦૧૬ પહેલા અવર નવર લગ્નની લાલચ આપી ધોલાઈ ગામે ગોતરેજ ફળીયામાં ફરીયાદી/ભોગબનનારના મામા દુર્લભભાઈ લલ્લુભાઈ ટંડેલના જુના મકાનના પાછળના વાડામાં ફરીયાદીની મરજી વિરુધ્ધ અવર નવર સંભોગ કરી ફરીયાદી/ભોગબનનારને લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી વિશ્વાસમાં લઈ લગ્ન કરવાની ના પાડી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬, ૪૦૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

-:: **કા ર ણો** ::-

૯. આ કામે દરેક મુદ્દાની છણાવટ કરતા પહેલા આરોપી સામે જે આક્ષેપિત ગુન્હાઓ છે તે આક્ષેપિત ગુન્હાઓ અંગેની જોગવાઈ ધ્યાને લેવી પણ ખુબ જ જરૂરી જણાય છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬. બળાત્કાર માટે સજા:-**

કોઈપણ વ્યકિત, પેટા કલમ(૨) માં જોગવાઈ કરેલા કિસ્સાઓ સિવાય બળાત્કાર કરે, તેને સાત વર્ષથી ઓછી નહિ તેટલી, પરંતુ આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની હોઈ શકે, બેમાંથી ગમે તે પ્રકારની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે, સિવાય કે, બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી તેની પોતાની પત્ની હોય તથા બાર વર્ષથી ઓછી વય ધરાવતી ન હોય આવા કિસ્સામાં તેને બે વર્ષ સુધીની બેમાંથી ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો.ની કલમ-૩૭૬ ના મુખ્ય તત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ કોઈ સ્ત્રી સાથે શારીરિક સંભોગ કર્યો,

(૨) આ શારીરિક સંભોગ કલમ-૩૭૫ માં દર્શાવેલા છ પૈકી કોઈ એક કે વધારે સંજોગોમાં કર્યો,

(૩) આરોપીએ બાર વર્ષથી ઓછીવય ધરાવતી પોતાની પત્ની સાથે સંભોગ કર્યો કે અન્ય સ્ત્રી સાથે કર્યો,

(૪) સજાના મોટા સ્વરૂપની દષ્ટિએ જોવામાં આવે તો

આરોપીએ જાહેર નોકર તરીકે વગેરે આ કલમની પેટા–કલમ(૨) ના ખંડ ક, ખ, ગ, ઘ મુજબ બળાત્કાર કર્યો,

(૫) ગર્ભવતી સ્ત્રી હોવાની જાણ હોવા છતા તેવી ગર્ભવતી સ્ત્રી પર બળાત્કાર કર્યો,

(૬) આરોપીએ સામૂહિક બળાત્કાર કર્યો, જે સમૂહનો સામાન્ય ઈરાદો બળાત્કાર કરવાનો હતો તથા તે પાર પાડવા માટે બળાત્કાર થયો અને તે સમૂહના આરોપી એક સભ્ય હતા.

**૧૦.** આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીએ સને–૨૦૦૩ થી તા. ૨૧/૦૭/૨૦૧૬ પહેલા અવર નવર લગ્નની લાલચ આપી ફરીયાદીની મરજી વિરુધ્ધ અવર નવર સંભોગ કરી ફરીયાદી/ભોગબનનારને ફોસલાવી વિશ્વાસમાં લઈ લગ્ન કરવાની ના પાડી ગુન્હો આચરેલ છે તેવો આરોપી ઉપર આક્ષેપ છે.

ફરીયાદ પક્ષે આંક–૧૩ થી સાહેદ નં.૧ ફરીયાદી /ભોગબનનારને તપાસવામાં આવેલ છે તેઓની સરતપાસમાં તેમણે જણાવેલ છે કે, આરોપી ની સાથે તેમને પ્રેમ સબંધ હતો અને આરોપીએ તેણી સાથે શરીર સબંધ બાંધવાનું જણાવતા તેણીએ ના પાડેલી જેથી આરોપીએ તેણીને જણાવેલ કે, તું મારી સાથે શરીર સબંધ નહી બાંધે તો હું તારી સાથે લગ્ન નહી કરું જેથી તેણીએ આરોપી સાથે શરીર સબંધ બાંધેલ, આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલ આરોપીને લગ્ન કરવાનું જણાવતા આરોપીએ જણાવેલ કે, હું પરદેશ જઈ પૈસા કમાઈ આવું પછી લગ્ન કરીશું અને પરદેશથી આવ્યા પછી પણ આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ તેણી સાથે શરીર સબંધ બાંધેલ, ત્યાર બાદ લગ્ન કરવાનું જણાવતા આરોપીએ ઈન્કાર કરેલ. જેથી ભોગબનનારે ધોલાઈ મરીન પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુધ્ધ અરજી આપેલી અને તેમાં આરોપીએ પોતે ભોગબનનાર સાથે લગ્ન કરશે તેવું લખાણ કરી આપેલું

જે લખાણ આંક–૧૫ થી રજુ છે. અને આ લખાણ લખી આપ્યા બાદ પણ આરોપીએ લગ્ન ન કરતા ભોગબનનારે હાલની ફરીયાદ આપેલી જે આંક–૧૪ થી રજુ છે.

આ કામે બચાવપક્ષ તર્ફે સદર સાહેદની ઉલટ તપાસ લેવામાં આવતા તેમણે એવી હકીકત જણાવેલ છે કે, તેણી ધો–૧૦ સુધી ભણેલ છે. સને–૨૦૦૩ માં તેણીની ઉંમર –આશરે ૨૦ થી ૨૨ વર્ષની હતી અને તે ઉંમરે શું સારુ અને શું ખરાબ તે ખબર પડે તેવું કબુલ રાખેલ છે. વળી, ઉલટ તપાસ દરમ્યાન ભોગબનાનારે એ પણ કબુલ રાખેલ કે, આરોપીએ કઈ કઈ તારીખે તેની સાથે શારીરિક સબંઘ બાંઘેલો તેની વિગત ફરીયાદમાં દર્શાવેલી નથી. વળી, તેણીએ એમ પણ કબુલ રાખેલ છે કે, સને–૨૦૦૩ પછી આરોપી દેવેન દુબઈ ગયા પછી પરત આવ્યા બાદ તેણે ભોગબનાાર સાથે કઈ કઈ જગ્યાએ શારીરિક સબંઘ બાંઘેલો તે હકીકત ફરીયાદમાં દર્શાવેલ નથી. તેણીએ એમ પણ કબુલ રાખેલ છે કે, મેં બુમાબુમ કે વિરોઘ કરેલાની હકીકત ફરીયાદમાં જણાવેલી નથી. તેણીએ એમ પણ કબુલ રાખેલ છે કે, સને–૨૦૦૩ થી આ ફરીયાદ કરી તે પહેલાના સમય સુઘી તેણીએ આરોપી તેની સાથે તેણીની મરજી વિરુઘ્ઘ શરીર સબંઘ બાંઘેલો તે બાબતે કોઈ ફરીયાદ કરેલી નથી. વળી તેણીએ એમ પણ કબુલ રાખેલ છે કે, સને–૨૦૦૩ થી સને–૨૦૧૪ સુઘી આરોપી સાથેના તેણીની મરજી વિરુઘ્ઘના સબંઘ અંગેની વાત તેણીએ પોતાના ઘરવાળાને કે આરોપીના ઘરવાળાને કરેલી ન હતી.

તેણીએ એમ પણ કબુલ રાખેલ છે કે, આંક–૧૫ વાળા લખાણનું સ્ટેમ્પ લેવા આરોપી દેવન ગયેલ નહી. આંક–૧૫ વાળુ લખાણ બીલીમોરા પોલીસ સ્ટેશનમાં તૈયાર કરવામાં આવેલું આ

લખાણમાં બીલીમોરા પોલીસ સ્ટેશનમાં પોલીસની હાજરીમાં દેવેને સહી કરેલી. તે લખાણની અસલ પ્રત આરોપીને આપેલી નહી. લગ્ન કયારે કરવામાં આવશે તેનો ચોકકસ સમય લખવામાં આવેલ નહી. આ લખાણ મુજબ તેણીએ દેવેન વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવાની નહતી. તેણીએ એમ પણ કબુલ રાખેલ છે કે, આંક–૧૫ વાળા લખાણમાં આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલો હોય તેવી હકીકત જણાવેલી નથી. તેણીએ એમ પણ કબુલ રાખેલ છે કે, લખાણમાં એવુ લખવામાં આવેલ છે કે, દેવેન વારંવાર વિદેશ જતો હોય લગ્ન વિલંબમાં પડેલ છે. તેણીએ એ પણ કબુલ રાખેલ છે કે, તેણીના તથા દેવેનના પ્રેમ સબંધ બાબતે તેમના ગામના લોકોને તથા તેમના ઘરના લોકોને ખબર હતી. તેણીએ એમ પણ કબુલ રાખેલ છે કે, દેવેનને મળવાનું ગમતુ તેથી તેણી તેને વારંવાર મળતી હતી. તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના ઘરમાં કમાવવા વાળુ માત્ર આરોપી છે. આરોપીના પિતાને કેન્સરની બીમારી હતી અને તેઓની દવા દારૂનો તથા સારવાર વિગેરે નો ખર્ચ આરોપી કરતો હતો. આરોપીની ત્રણ બહેનો પૈકી બે બેહેનોના લગ્ન આરોપીએ ખર્ચો કરી કરાવેલા હતા. આરોપીની ત્રીજી બહેનના લગ્ન કરવાના હજુ બાકી છે અને તે આરોપી સાથે જ રહે છે.

તેણીએ ઉલટતપાસ માં એમ પણ કબુલ રાખેલ છે કે, તેણી આરોપીને જેટલી વાર મળી તે તેણીની ઈચ્છાથી મળેલી. તેણીએ એમ પણ જણાવેલ છે કે, ફરીયાદમાં, ફરીયાદ આવેશમાં આવીને લખાવેલી છે તેવી હકીકત લખાવેલી છે.

**(૧૦.૧)** આ કામે આંક–૧૫ નો બાંહેધરી લેખ અને સમાધાન પત્ર વંચાણે લેવામાં આવે તો, આ સ્ટેમ્પ પેપર સીમા ટંડેલ નામની

વ્યકિતએ ખરીદેલ છે જે દેવેન કાંતીભાઈ ટંડેલના નામથી ખરીદાયેલ છે. જેમાં બંને પક્ષકારો એટલે કે ફરીયાદી અને આરોપીના ઘરનાની સંમતીથી તથા આગેવાનોની મરજીથી દેવેન પરદેશ થી આવશે પછી લગ્ન કરવાનું નકકી કરેલ છે, તેવું લખેલ છે. અને આ આંક–૧૫ ના સ્ટેમ્પ પેપરનું લખાણ જોતા જેમાં બંને વચ્ચે પ્રેમ સબંધ થયેલ અને બીજા પક્ષના એટલે કે આરોપી અવાર નવાર પરદેશ નોકરી અર્થે આવ–જા કરતા હોય લગ્ન કરવામાં વિલંબ થયેલ છે. તે જોતા આ કામના આરોપી ભોગબનનાર સાથે ભોગબનનારની મરજી વિરુધ્ધ અવાર નવાર શારીરિક સબંધ બાંધેલ હોય અને લગ્નની લાલચ આપેલ હોય અને લગ્ન કરવાની ના પાડતા હોય જેથી હાલના આંક–૧૫ વાળા દસ્તાવેજમાં સમાધાન લખાણ કરેલ હોય તેવું જણાઈ આવતું નથી. વળી, આ લખાણમાં કયારે લગ્ન કરવાનું છે તેવું પણ કોઈ ઉલ્લેખ નથી. વળી, ફરીયાદી /ભોગબનનાર જણાવે છે તેમ જો આરોપી અવાર નવાર ફરીયાદીને લગ્નની લાલચ આપી ફરીયાદી સાથે ફરીયાદીની મરજી વિના શરીર સબંધ બાંધતા હોત તો ભોગબનનારે તે અંગેનો પ્રતિકાર કરેલ હોત અને આ વાત પોતાના ઘરનાને તથા બીજાને પણ જણાવેલ હોત, તથા આ લગ્ન માટે તેણીએ ના પાડી દીધેલ હોત પરંતુ આવું કંઈ પણ ફરીયાદી/ભોગબનનારે કરેલ નથી, તે જોતા તેણીની મરજી વિના આરોપીએ શરીર સબંધ બાંધેલાનું ફલીત થતું નથી. વળી, ભોગબનનાર ફરીયાદી પુખ્ત વયની છે અને તેમના જણાવ્યા પ્રમાણે તેમના મામાના ઘર પાછળના વાડામાં આરોપીએ તેણીની મરજી વિના શરીર સબંધ બાંધેલ હતો. તે જોવામાં આવે તો ઘર પાછળના વાડામાં આવું કંઈ બને અને ભોગબનનારે જો તેનો પ્રતિકાર કરેલ હોત તો તેની જાણ તેણીના મામાના ઘરનાને અવશ્ય પણે થયેલ હોત, પરંતુ આવી કોઈ જાણ તેઓને થયેલ હોવા બાબતે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

વળી, ભોગબનનારને ઘણા લાંબા સમયથી આરોપી સાથે પ્રેમ સબંધ હતા અને જો આ લાંબા ગાળામાં આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ તેણી સાથે શરીર સબંધ બાંધેલ હોત તો તે અંગેની ફરીયાદ અવશ્યપણે ફરીયાદી/ભોગબનનારે કરેલ હોત અને તેની જાણ પણ પોતાના ઘરનાને કરેલ હોત, સમાજના આગેવાનોને પણ જણાવેલ હોત પરંતુ આવી કંઈ પણ કાર્યવાહી તેણીએ કરેલ હોય તેવું રેકર્ડ ઉપરથી ફલીત થતું નથી. વળી, ફરીયાદીએ આરોપીએ તેણીની સાથે ચોકકસ કઈ તારીખે, કયા સમયે અને કઈ જગ્યાએ તેણીની મરજી વિના શરીર સબંધ બાંધેલ હતા તે અંગે પણ કંઈ જણાવેલ નથી. આમ, બંને વચ્ચે પ્રેમ સબંધ હોવાનું અને લગ્ન કરવાના હોવાનું ફરીયાદીએ જણાવેલ છે તે જોતા તથા ફરીયાદી પુખ્ત વયના અને સ્થિર મનના વ્યકિત છે તે જોતા તેણીને લગ્નની લાલચ આપીને તેણી સાથે તેણીની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલાની હકીકત માની શકાય તેમ નથી. જો ખરેખર આવું કોઈ કૃત્ય થયેલ હોત તો ફરીયાદી ભોગબનનારે તેનો પ્રતિકાર કરેલ હોત, બુમાબુમ કરેલ હોત, બધાને ભેગા કરીને આ બાબતની જાણ કરેલ હોત પરંતુ આવું કંઈ પણ ફરીયાદીએ કયારેય કરેલ નથી. અને ફરીયાદીની ફરીયાદ પ્રમાણે વારંવાર આવું કૃત્ય તેમની સાથે તેમણે થવા દીધેલ છે તે જોતા પણ ફરીયાદી જણાવે છે તેવી હકીકત માની શકાય તેમ નથી. કોઈપણ સ્ત્રી તેણીની મરજી વિરુધ્ધ તેણી સાથે શરીર સબંધ બાંધવામાં આવે તો અવશ્ય પણે તેનો પ્રતિકાર કરે, બુમાબુમ કરે અને બચવા માટેના તમામ પ્રયત્નો કરે, પરંતુ આવા કોઈ પ્રયત્ન ફરીયાદી ભોગબનનારે કરેલા હોય તેવું જણાઈ આવતું નથી. વળી, ફરીયાદી જણાવે છે તેમ જો આરોપીએ ફરીયાદી/ભોગબનનારને લગ્નની લાલચ આપીને તેણી સાથે તેણીની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલ હોત તો,

ફરીયાદીએ આવા વ્યકિત સાથે લગ્ન કરવાનું ઉચિત માનેલ ન હોત અને એવા પ્રથમ પ્રયાસ બાદ જ ફરીયાદી ભોગબનનારે આરોપી સાથેના સબંધમાં પૂર્ણવિરામ મુકી દીધેલ હોત અને તાત્કાલીક તેની જાણ પોતાના ઘરનાને તથા પોતાના સમાજના વ્યકિતઓને કરત અને પોલીસમાં ફરીયાદ પણ કરત, પરંતુ આવુ કોઈ કૃત્ય ફરીયાદી/ભોગબનનારે કેરલ નથી તે જોતા પણ આરોપી સાથેના તેમના શારીરિક સબંધો તેણીની મરજીથી જ હોવાનું ફલીત થાય છે.

**(૧૦.૨)** આ કામે **ઈ.પી.કો.કલમ– ૩૭૫** ની જોગવાઈ જોવામાં આવે તો તેમાં રેપની વ્યાખ્યા જણાવવામાં આવેલ છે. તે મુજબ ''કોઈ પુરુષ નીચે વર્ણવેલા છ પ્રકારનાં સંજોગો પૈકી કોઈ પણ સંજોગોમાં કોઈ સ્ત્રી સાથે સંભોગ કરે તે 'બળાત્કાર' કર્યો ગણાશે–

**પહેલો –** તેની ઈચ્છા વિરુધ્ધ ;

**બીજો –** તેની સંમતિ વગર ;

**ત્રીજો –** તેની સંમતિથી, જયારે તેને અથવા તેને જે વ્યકિતમાં હિત હોય તેવી વ્યકિતને મૃત્યુ અથવા વ્યથાના ભયમાં મૂકી સંમતિ મેળવવામાં આવી હોય ;

**ચોથો –** તેની સંમતિથી, જયારે પુરુષ જાણતો હોય કે તે તેનો પતિ નથી અને સંમતિ આપવામાં આવી હોય ત્યારે તે માનતી હોય કે તે બીજી વ્યકિત છે કે જેની સાથે તે અથવા પોતાની જાતને કાનૂની રીતે પરણેલી માને છે ;

**પાંચમો–** તેની સંમતિથી, જયારે સંમતિ આપવા સમયે મગજની અસ્થિરતા, નશાયુકત હાલત અથવા પુરુષ પોતે કે અન્ય મારફત બેભાન બનાવે અથવા તંદુરસ્તીને હાનિકારક પદાર્થ અપાયાના કારણે સ્ત્રી એ જેની સંમતિ આપી હોય તેનો પ્રકાર અને પરિણામ સમજી શકે તેમ ના હોય ત્યારે ;

**છઠ્ઠો –** તેની સંમતિથી કે સંમતિ વગર જયારે તે સોળ વર્ષથી નીચેની વયની હોય ;

**અપવાદ–** પોતાની પત્ની સાથે પુરુષે કરેલો જાતિય સંભોગ, પત્ની પંદર વર્ષથી ઓછી વયની ન હોય તો બળાત્કાર નથી.

આ કામે ઉપરોકત વ્યાખ્યા જોવામાં આવે તો તથા આ કામે ફરીયાદી/ભોગબનનારની સમગ્રપણે જુબાનીનું મૂલ્યાંકન કરવામાં આવે તો એ સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, ફરીયાદી ભોગબનનારને આરોપી સાથે ઘણા લાંબા સમયથી પ્રેમ સબંધ હતો. વળી, આરોપી તેમના ઘરમાં એકમાત્ર કમાનાર વ્યકિત છે. આરોપીના પિતાને કેન્સરની બીમારી હતી. તેઓની દવા દારૂ સારવાર વગેરેનો ખર્ચ આરોપી કરતો હતો, આરોપીની ત્રણ બહેનો પૈકી બે બેહનોના લગ્નનો ખર્ચ કરેલો અને આરોપીની ત્રીજી બહેનના લગ્ન કરવાના હજી બાકી છે. આમ, જોવામાં આવે તો આરોપી ઉપર જે સામાજીક જવાબદારી હતી તેના કારણે તેઓ કમાવવા માટે નોકરી ધંધા માટે વારંવાર પરદેશ જતા હોવાનું ફલીત થયેલ છે. આમ, જોતા તથા આંક–૧૫ નું લખાણ જોતા પણ આરોપી પરદેશ નોકરી માટે જતા હોવાથી લગ્નમાં વિલંબ થતો હતો તેવું જણાઈ આવે છે. વળી, ભોગબનનાર ફરીયાદી જેટલી વાર આરોપીને મળવા જતા તે પોતાની ઈચ્છાથી મળેલા. આમ, જો ખરેખર ફરીયાદી/ભોગબનાર સાથે આરોપીએ તેણીની મરજી વિરુઘ્ધ શરીર સબંધ બાંધેલ હોય તો તેવા સંજોગોમાં ફરીથી તે વ્યકિતને મળવાનું સામાન્ય પણે કોઈપણ સ્ત્રીને ગમે નહી અને તેણી તેવી વ્યકિતને મળવા પોતાની મરજીથી જાય પણ નહી. પરંતુ આ કામે ફરીયાદીની જુબાની જોતા તેણી જેટલીવાર આરોપીને મળેલી તેટલીવાર તેણીની મરજીથી મળેલી. આમ, આરોપીને મળવા જવાનું ભોગબનનાર/ફરીયાદી ઈચ્છતા હતા અને તેણીને તેવી ઈચ્છા હોવાથી આરોપીને મળવા જતા હતા. આમ,

જોતા પણ સમંતીનું તત્વ તેઓ વચ્ચેના શારીરિક સબંધમાં ન હતું તેવું જણાય આવતું નથી. વળી, ફરીયાદી/ભોગબનનારની સમગ્રપણે જુબાનીનું મૂલ્યાંકન કરવામાં આવે તો જે પુરાવો આવેલ છે તે તમામ પુરાવો જોતા આરોપી અને ભોગબનનાર વચ્ચે પ્રેમ સબંધ હતો અને તેના પરિણામે બંને વચ્ચે બંનેની મરજીથી શારીરિક સબંધ હોવાનું તમામ સંજોગો જે રેકર્ડ ઉપર આવેલ છે તેનાથી ફલીત થાય છે. આમ, ઉપરોકત વ્યાખ્યા પ્રમાણે જોવામાં આવે તો હાલના ફરીયાદી અને આરોપી સાથેના શારીરિક સબંધો બંનેની સમંતીથી હતા તેવું ફલીત થાય છે.

**૧૧.** ફરીયાદ પક્ષે આંક–૧૮ થી સાહેદ નં.૨, લક્ષ્મીબેન જયંતીભાઈ ટંડેલને તપાસવામાં આવેલ છે તેઓની સરતપાસ જોવામાં આવે તો તેમણે ફરીયાદી/ભોગબનનારે પોતાની સરતપાસમાં જણાવેલી વિગતોને પોતાની સરતપાસમાં જણાવેલી છે. અને આ સાહેદની સરતપાસ જોતા ભોગબનનારનો આરોપી સાથે પ્રેમ સબંધ થયેલો અને ત્યાર પછી શરીર સબંધ થયેલો. આ સાહેદની જુબાનીથી ભોગબનનાર/ફરીયાદી સાથે આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલ હોય તેવું ફલીત થતું નથી. વળી, તેણીની ઉલટતપાસ જોતા પણ આરોપી સાથે ભોગબનનારને ઘણા સમયથી પ્રેમ સબંધ હોવાનું ફલીત થયેલ છે. વળી, તેમણે ઉલટતપાસ દરમ્યાન એમ પણ કબુલ રાખેલ છે કે, તેણીએ સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તે સૌ પ્રથમ વખત કોર્ટમાં જણાવેલ છે. તે અગાઉ તેવી કોઈ હકીકત તેમણે કોઈને જણાવેલી નથી. આમ, જોવામાં આવે તો બનાવ બાબતે તેણીને કોઈ માહિતી ન હોવાનુ જણાઈ આવે છે અને આ સાહેદ ભોગબનનારના માતા છે જો ભોગબનનાર સાથે આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલ હોત તો ભોગબનનારે તેણીની

માતાને આ વાત જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત આ સાહેદની જુબાનીમાં જણાવેલ નથી. જે જોતા પણ ફરીયાદીએ જણાવેલ છે તેવી કોઈ ઘટના બનેલ હોવાનું ફલીત થતું નથી.

**૧૨.** ફરીયાદ પક્ષે આંક–૨૦ થી સાહેદ નં.૩ ડો. જીતેન્દ્ર નાથુભાઈ પટેલને તપાસવામાં આવેલ છે તેઓની સરતપાસમાં તેમણે આરોપીની શારીરિક તપાસણીકરી તે અંગેનું સર્ટીફીકેટ આપેલ છે. આ કામે તબીબ સાહેદે આરોપીને જે હિસ્ટ્રી પુછેલી તેમાં ભોગબનનાર સાથે આરોપીને ભોગબનનારની મરજીથી શરીર સબંધ હોવાનું હિસ્ટ્રીમાં જણાવેલ છે. આ કામે આરોપીને તપાસ્યા બદલનું સર્ટીફીકેટ જોવામાં આવે તો કોઈ અસામાન્ય જણાયેલ ન હતું. આરોપીના શરીર ઉપર કોઈ ઈજાના ચિન્હો જણાયેલા ન હતા.

**૧૩.** ફરીયાદ પક્ષે આંક–૨૪ થી સાહેદ નં.૪ ડો. પિંકલ ચીમનલાલ પટેલને તપાસવામાં આવેલ છે તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, ભોગબનારે હિસ્ટ્રીમાં એવી હકીકત જણાવેલ છે કે,''તેણીને ૨૦૦૩ થી દેવેનભાઈ કાંતીભાઈ ટંડેલ સાથે શારીરિક સબંધ છે, તા.૧૯/૦૮/૨૦૧૪ ના દિવસે ફરી વિદેશથી પાછા ફરતા લગ્ન કરવા માટે સ્ટેમ્પ પેપર પર લખી આપેલ છે પરંતુ ૨૦૧૫ માં દુબઈથી આવતા દેવેનના પિતાજી કેન્સરની બિમારીથી પીડાતા લગ્ન નહી થઈ શકે તેમ જણાવી બીજી વાર આવે ત્યારે લગ્ન કરીશ એમ જણાવ્યું હતુ અને હાલમાં ૧ મહીનો અને ૧૨ દિવસ દેવેનને આવતા થયા છે પરંતુ લગ્ન કરવાની ના પાડે છે.'' આ હિસ્ટ્રી જોવામાં આવે તો, ભોગબનનારને આરોપી સાથે શારીરિક સબંધ હોવાનું જણાઈ આવેલ છે. ભોગબનનારે હિસ્ટ્રીમાં આ શારીરિક સબંધો તેણીની મરજી વિરુધ્ધ બાંધેલા હતા તેવું જણાવેલ નથી. વળી, તેણીના શરીર ઉપર આંતરીક કે બાહય કોઈ ઈજા ન હતી.

તે જોવામાં આવે તો, તેઓ સાથે કોઈ જબરજસ્તી કરીને શરીરસબંધ બાંધવામાં આવેલો હોય તેવું જણાતું નથી. જો આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ શારીરિક સબંધ બાંધેલ હોત તો તે સંજોગોમાં ભોગબનનારે તેનો પ્રતિકાર કરેલ હોત અને તે જોતા ભોગબનનાર ના શરીર ઉપર અને આરોપીના શરીર ઉપર પણ ઈજાના નિશાનો થઈ શકે પરંતુ આવા કોઈ નિશાન ભોગબનનાર કે આરોપીના શરીર ઉપર ન હતા. વળી, લગ્નમાં વિલંબ થતો હોવાનું આ હિસ્ટ્રી ઉપરથી જણાઈ આવે છે.

**૧૪.** ફરીયાદ પક્ષે આંક–૩૨ થી સાહેદ નં.૫ ડો. મેહુલભાઈ ગીરીશકુમાર બરૂવાલાને તપાસવામાં આવેલ છે તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, ભોગબનનારે હિસ્ટ્રીમાં જણાવેલ કે, તેણી તથા દેવેન રહે. ધોલાઈ સને–૨૦૦૩ થી એક બીજાને ઓળખે છે અને એકબીજા સાથે પ્રેમ સબંધ ધરાવે છે અને તેઓ વચ્ચે નિયમીત શારીરિક સબંધો ચાલી આવેલા. દેવેન સને–૨૦૧૦ માં દુબઈ ગયો તે વખતે લગ્ન કરવાની બાંહેધરી આપેલ અને ત્યારબાદ અવાર નવાર સને–૨૦૧૪ સુધી લગ્ન કરવા માટે બાંહેધરી આપેલી પરંતુ લગ્ન નહી કરતા ભોગબનનારે ધોલાઈ મરીન પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરેલી. વળી, ડોકટરના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારને કોઈ જાતિય પજવણી ન હતી, તે જોતા પણ તથા ડોકટર સમક્ષની હિસ્ટ્રી જોતા ભોગબનનાર સાથે આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ શારીરિક સબંધ બાંધેલ હોય તેવું ફલીત થતું નથી.

**૧૫.** ફરીયાદ પક્ષે આંક–૩૪ થી સાહેદ નં.૬,ડો. નેહાબેન ડાહયાભાઈ પટેલને તપાસવામાં આવેલ છે તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, ભોગબનનારે હિસ્ટ્રીમાં જણાવેલ કે, તેણી તથા દેવેન રહે. ધોલાઈ

સને–૨૦૦૩ થી એક બીજાને ઓળખે છે અને એકબીજા સાથે પ્રેમ સબંધ ધરાવે છે અને તેઓ વચ્ચે નિયમીત શારીરિક સબંધોચાલી આવેલા. દેવેન સને–૨૦૧૦ માં દુબઈ ગયો તે વખતે લગ્ન કરવાની બાંહેધરી આપેલ અને ત્યારબાદ અવાર નવાર સને–૨૦૧૪ સુધી લગ્ન કરવા માટે બાંધેધરી આપેલી પરંતુ લગ્ન નહી કરતા ભોગબનનારે ધોલાઈ મરીન પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરેલી. આ હિસ્ટ્રી જોતા પણ ભોગબનનાર સાથે આરોપીએ તેની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલ હોય તેવું ફલીત થતું નથી.

**૧૬.** આ કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા આરોપીનું શરીર સ્થિતી તથા અટક કર્યાનું પંચનામું આરોપી પક્ષે કબુલ રાખતા તેને અનુક્રમે આંક–૩૬ અને આંક–૩૭ આપવામાં આવેલ છે જે પંચનામાની વિગતે પણ આ કામના આરોપીને આ ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

**૧૭.** ફરીયાદપક્ષે સાહેદ નં.૭, ધર્મેશ પરસોત્તમભાઈ ટંડેલને આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે તેમણે પંચનામાની હકીકતને સરતપાસમાં સમર્થન આપેલ છે અને આંક–૪૦ થી પંચનામું રજુ કરેલ છે. જયારે ઉલટતપાસ દરમ્યાન તેમણે કબુલ રાખેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પોલીસે લખાણ તૈયાર રાખેલું અને તેમાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી અને તેમણે પોલીસને કોઈ પંચનામું લખાવેલ નથી. તે જોતા તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાઈ આવે છે. વળી, આ નમુના આરોપીના જ હતા તેવું પણ આ સાહેદની જુબાનીથી ફલીત થતું નથી.

**૧૮.** આ કામે ફરીયાદીની શારીરિક તપાસણી કરી લીધેલ નમુનાઓનું પંચનામું આરોપી પક્ષે કબુલ રાખતા તેને આંક–૪૫ આપવામાં આવેલ છે

જે પંચનામાની વિગતે પણ આ કામના આરોપીને આ ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

**૧૯.** ફરીયાદપક્ષે સાહેદ નં.૮, મહેબુબ મીયા ઉસ્માનમીયા મલેક ને આંક–૪૬ થી તપાસવામાં આવેલ છે તેમણે ફરીયાદીની ફરીયાદ લઈ ગુન્હો રજીસ્ટર કરવા સારુ મોકલી આપેલી. સ્ટે. ડાયરીના ઉતારાની નકલ આંક–૪૭ થી રજુ છે અને તપાસ પી.આઈ. એ.પી. સોમૈયાને સુપ્રત કરેલી તેની યાદી આંક–૪૮ થી રજુ છે. આ સાહેદની જુબાની જોતા તેમણે ફરીયાદ સી.આર.પી.સી. કલમ–૧૫૪ ના નિયત કરેલા ફોર્મમાં લીધેલ નથી. આમ, ફરીયાદ નિયત ફોર્મમાં ન લેવા બાબતે કોઈ કારણ પણ તેમણે દર્શાવેલ નથી તે જોતા પણ ફરીયાદ બાબતે શંકા ઉદભવે છે. વળી, આંક–૪૭ ના સ્ટેશન ડાયરીના ઉતારા ઉપરથી ફરીયાદીએ જે ફરીયાદ લખાવેલ હતી તે અંગે જણાઈ આવે છે.

**૨૦.** ફરીયાદપક્ષે સાહેદ નં.૯, ત.ક.અ. અંકીત પ્રવિણકુમાર સોમૈયાને આંક–૫૪ થી તપાસવામાં આવેલ છે તેમણે પોતાની જુબાનીમાં પોતે કરેલ તપાસનો ચિતાર જુબાની સ્વરૂપે વર્ણવેલ છે. તેમણે ઉલટતપાસ માં કબુલ રાખેલ છે કે, ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સબંધ હતો અને ભોગબનનાર આરોપીને પોતાની ઈચ્છાથી અવાર નવાર મળતી હતી અને તેણીએ મળવા માટે કોઈ પણ વિરોધ કરેલ ન હતો. અને ફરીયાદીએ ફરીયાદ આવેશમાં આવીને આપી છે તેવું લખાવેલ છે. અને ફરીયાદ બે વર્ષ મોડી આપેલ તે અંગે કોઈ કારણ તપાસ દરમ્યાન જાહેર કરવામાં આવેલ નથી. વળી, તેમણે એ પણ કબુલ રાખેલ છે કે, ડોકટર સમક્ષની હિસ્ટ્રીમાં ભોગબનનારે તેની મરજી વિરુધ્ધ સબંધ બાંધવામાં આવેલ છે તેનો ઉલ્લેખ નથી. વળી, લગ્ન કરવાનો કોઈ ચોકકસ સમય નિશ્ચિત કરેલ

હોય તેવું પણ જણાતું નથી. આ કામે આંક–૫૫ ના બાયોલોજી વિભાગના અને આંક–૫૬ ના સીરોલોજી વિભાગના અહેવાલો જોતા તથા આંક–૫૧ ના પત્ર અને આંક–૫ર ની રવાનગી નોંધ જોવામાં આવે તો પણ આ કામના આરોપીને આ ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

**૨૧.** આ કામે સમગ્ર પણે રેકર્ડ ઉપર આવેલા પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ભોગબનનાર અને આરોપી વચ્ચે સને–૨૦૦૩ થી પ્રેમ સબંધ હતા અને ભોગબનનાર તેણીની મરજીથી આરોપીને મળતી હતી તે જોતા ભોગબનનાર સાથે આરોપીએ બળજબરી કરી ભોગબનનારની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલ હોય તેવું ફલીત થતું ન હતું. વળી, જો પ્રથમવખત જ આરોપીએ ભોગબનનરની મરજી વિના શરીર સબંધ બાંધેલ હોત તો તેની જાણ ભોગબનનારે તેણીના ઘરમાં અને સમાજમાં કરેલી હોત અને તેણીએ આરોપી વ્રિુધ્ધ ફરીયાદ પણ કરેલ હોત, પરંતુ આવી કોઈ ફરીયાદ ભોગબનનારે કરેલાનું ફલીત થતું નથી. વળી, કોઈપણ સ્ત્રીને તારી સાથે લગ્ન નહી કરું જો તું મારી સાથે શારીરિક સબંધ નહી રાખે તો. એવું જણાવવામાં આવે તો તે સ્ત્રી જો પોતાની મરજી તે પુરુષ સાથે શારીરિક સબંધ બાંધવાની ન હોય તો મકકમ પણે ઈન્કાર કરે અને લગ્ન કરવાનું પણ માંડીવાળે અથવા તેવા લગ્ન ન થાય તો તે સામે તેણીને કોઈ વાંધો પણ હોઈ શકે નહી. પરંતુ પ્રથમ શારીરિક સબંધ બાંધી ભોગબનનાર અવાર નવાર તેણીની મરજીથી આરોપીને મળવા જતી હતી તે જોતા પણ આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિના શારીરિક સબંધ બાંધેલ હતા તેવું ફલીત થતું નથી. વળી આંક–૧૫ ના લખાણમાં પણ આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ શારીરિક સબંધ બાંધેલો હતો તેવો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. આંક–૧૫ નું લખાણ જોતા લગ્નમાં વિલંબ થતો

હોવાનું જણાઈ આવે છે. વળી, ભોગબનનારે લગ્નના વિલંબ બાબતે પણ વિસ્તૃત રીતે પોતાની જુબનીમાં જણાવેલ છે. વળી ભોગબનનારની માતાએ પણ ભોગબનનાર સાથે આરોપીએ ભોગબનનારની મરજી વિના શારીરિક સબંધ બાંધેલો હતો તેવુ જણાવેલ નથી. તે જોતા પણ ફરીયાદી જણાવે છે તેવી કોઈ હકીકત માની શકાય તેમ નથી. વળી, ભોગબનનારે તેણીની શારીરિક તપાસ કરનાર તમામ તબીબી અધિકારીઓ સમક્ષ આરોપી સાથે તેણીને પ્રેમ સબંધ હતો અને નિયમીત રીતે આરોપી સાથેના તેણીના શારીરિક સબંધો હતા તેવું હિસ્ટ્રીમાં જણાવેલ છે પરંતુ આ શારીરિક સબંધો તેણીની મરજી વિના આરોપીએ બાંધેલ હતા તેવી કોઈ વિગત તેણી એ જણાવેલ નથી, તે જોતા પણ આરોપીએ તેણી સાથે તેણીની મરજી વિના શારીરિક સબંધ બાંધેલ હતા તેવું ફલીત થતું નથી. વળી, ભોગબનનાર પુખ્ત વયની, સ્થિર મનની વ્યકિત છે પોતાનું સારુ નરસુ સમજે છે અને તેણીએ સને-૨૦૦૩ થી સને-૨૦૧૪ સુધી આરોપી સાથે પ્રેમ સબંધ અને શારીરિક સબંધ નિભાવેલ છે તે જોતા પણ તેમા સમંતી હોવાનું જણાઈ આવે છે. જો તેણીની સમંતી આરોપી સાથેના શારીરિક સબંધમાં ન હોત તો તેણી પ્રથમ શારીરિક સબંધ બાદ કયારેય આરોપીને મળી ન હોત, કે આ સબંધો તેણીએ આરોપી સાથે ચાલુ પણ રાખેલ નહોત. આમ, સમગ્ર પણે પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આરોપીએ ભોગબનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ શારીરિક સબંધ બાંધેલ હોય તેવું ફલીત થતું નથી. આમ, તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી  મુદ્દા નં. ૧ નો જવાબ નકારાત્મક આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

૧: આ કામના આરોપી દેવેનભાઈ કાનજીભાઈ ટંડેલ, રહે–ધોલાઈ, ગોત્રેજ ફળીયા, તા.ગણદેવી, જી.નવસારીનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫ (૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૪૦૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨: ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭(એ)ની જોગવાઈઓ ધ્યાનમાં રાખતાં જયારે સદરહુ ચુકાદા સામે ઉપલી અદાલતમાં અપીલ રજૂ કરવામાં આવે ત્યારે ઉપલી અદાલત સમક્ષ હાજર રહેવા અંગે નોટિસ બજે ત્યારે ત્યાં હાજર રહેવા અંગે આરોપીએ રૂા. ૫૦૦૦/– ના જાત જામીન તથા તેટલી જ રકમના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવાના રહેશે.

આ હુકમ આજરોજ તા:૨૫ મી માહે–ઓકટોબર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

નવસારી. (**સારંગા વિનોદચંદ્ર વ્યાસ**)
તા:૨૫–૧૦–૨૦૨૧. બીજા અધિક સત્ર ન્યાયાધીશ, નવસારી
**(કોડ નં–જીજે ૦૦૬૭૫)**

*P.V.Patel*